આંક–૨૧

**નામ. મજુર અદાલત નં.૫, અમદાવાદના પ્રમુખ અધિકારી સાહેબ સમક્ષ.**

**રેફરન્સ(એલસીએ) નં.૪૩૯/૨૦૧૭**

**પ્રથમ પક્ષકાર :** (૧) **બ્રેડી એન્ડ મોરીસ એન્જીનીયરીંગ કંપની લી.**
પ્લોટ નં.૫૦૫, ફેઝ–૪,જીઆઈડીસી, વટવા,અમદાવાદ.
(૨) **બ્રેડી એન્ડ મોરીસ એન્જીનીયરીંગ કંપની લી.,**
૩૨૬/બી,ગવર્નમેન્ટ બોરવેલની સામે,સારસા–કનેરા રોડ,સારસા પાટીયા,ગામ:– કનેરા રોડ, જિ. ખેડા

**વિરુધ્ધ**

**બીજા પક્ષકાર :** **શ્રી કેજુલભાઈ કનુભાઈ પટેલ**
એ–૫, દેવભુમી એપાર્ટમેન્ટ, બાલ ભવન રોડ,
ખોખરા મણીનગર,(પૂર્વ) અમદાવાદ.
૯/૦:– સહકાર કામદાર યુનીયન, અજીત મીલ સામે,
રખીયાલ રોડ, અમદાવાદ.

વિષય : ઔદ્યોગિક વિવાદ ધારાની કલમ ૧૦(૧) અન્વયે

| | | | |
|---|---|---|---|
| હાજર રહયા : | પ્રથમ પક્ષકાર નં. ૧–૨ તરફે | :– | વિ. વ. શ્રી વી.એસ.પાટીલ |
| | બીજા પક્ષકાર તરફે | :– | વિ. પ્રતિ. શ્રી એસ.કે.કાઝી |

'' **એવોર્ડ** ''

**(૧)** આ કામે બીજા પક્ષકારની આઈ.ડી.આર. ફરીયાદ નં.૭૫/૨૦૧૭ તા.૩/૪/૧૭ અનુસંધાને સમાધાન અધિકારીશ્રી અને મદદનીશ શ્રમ આયુકત અમદાવાદનાએ પક્ષકારો વચ્ચે સમાધાન શકય બનેલ ન હોય ઔદ્યોગિક વિવાદ (સુધારો) અધિનિયમની કલમ–૩ અન્વયે વિવાદ બાબત સીધી મજુર અદાલત સમક્ષ અરજદારને અરજી કરવા સમાધાન અધિકારી અને મદદનીશ શ્રમ આયુકતના જાવક નં.નાશ્રઆ/ અવિ/ વિભાગ–૪/આઈડીઆર/૭૫/૨૦૧૭/૯૪૯૫. તા.૨૯/૫/૧૭ ના પત્રથી જાણ કરતા બીજા પક્ષકારે હાલનો વિવાદ ઉપસ્થિત કરેલ છે.

**(૨)** સદર કામમાં બીજા પક્ષકાર તથા તેમના યુનિયન પ્રતિનિધી તથા પ્રથમ પક્ષકારના મેનેજર તથા તેમના વકીલશ્રીશ્રીએ હાજર થઈને **આંક–૨૦** થી સમાધાન પુરસીસ રજૂ કરીને તેમાં જણાવેલી વિગતે સદરહુ કેસ ફેંસલ કરવા અરજ કરેલ છે. આમ સદરહુ સમાધાન પુરસીસ મુજબ બીજા પક્ષકારનો આ કેસ સમાધાનથી ફેંસલ કરવાનો હુકમ કરવામાં આવે છે.જે સમાધાનની શરતો મુજબ આખરી હુકમ કરવામાં આવે છે. જે **આંક–૨૦** થી રજુ સમાધાન હુકમનો ભાગ ગણાશે. ખર્ચ અંગે કોઈ હુકમ નથી.

સ્થળ:–અમદાવાદ.
તા. ૧૨/૦૩/૨૦૨૨

(નાગદાનભાઈ કે. ડાભી )
પ્રમુખ અધિકારી,
લેબર કોર્ટ નં.૫, અમદાવાદ.
(જીજે–૦૧૦૩૦)